ગુજરાત રાજયમાં ગુજરાત સ્ટેટ રોડ
સેફટી એવોર્ડસ માટે ક્રાઈટેરીયા અને
પધ્ધતિ ઠરાવવા બાબત

ગુજરાત સરકાર
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એમવીડી/૧૦૨૦૧૮/૨૭/ખ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૫/૨૦૨૨.

સંદર્ભઃ (૧) વિભાગનો તા.૩૦/૭/૨૦૧૮નો ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવોર્ડ માટે ક્રાઈટેરીયા અને પદ્ધતિ ઠરાવવા બાબતનો ઠરાવ

(૨) વિભાગનો તા.૦૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃએમવીડી/૧૦૨૦૧૮/૨૭/ખ.

(૩) ગુજરાત રોડ સેફટી ઓથોરીટીની તા.૮/૧૨/૨૦૨૧ની દરખાસ્ત

**આમુખ:**

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એક્ટ, ૨૦૧૮ હેઠળ ગુજરાત રોડ સેફટી ઓથોરીટીની રચના કરેલ છે.આ સંસ્થા માર્ગ સલામતી સંબંધિત કામગીરી કરે છે.

માર્ગ સલામતીના આવા કાર્યમાં વધુને વધુ વ્યકિતઓ, સંસ્થાઓ, સીટી/ડીસ્ટ્રીકટ રોડ સેફટી કમિટીઓ ઉત્સાહભેર જોડાય તથા વ્યકિતઓ, સંસ્થાઓ, સીટી/ડીસ્ટ્રીકટ રોડ સેફટી કમિટીઓને ઉત્સાહભેર આ કામગીરી કરવાની પ્રેરણા મળે, રોડ સેફટીની તરફેણમાં જાહેર જનતાનો સકારાત્મક અભિપ્રાય ઉભો થાય અને વધુમાં વધુ વ્યકિતઓ/સંસ્થાઓને આ કાર્યમાં જોડી શકાય તે માટે ગુજરાત રાજય રોડ સેફટી એવોર્ડ એનાયત કરવાની શરૂઆત કરેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૧) અને (૨)ના ઠરાવથી રોડ સેફટી એવોર્ડ એનાયત કરવા માટેના ક્રાઈટેરીયા અને ગુણ પધ્ધતિ નક્કી કરેલ હતા.

વંચાણે લીધેલા ક્રમાંક (૩) ના પત્રથી ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા, રોડ સેફટી એવોર્ડ એનાયત કરવા માટેના ક્રાઈટેરીયા અને ગુણ પધ્ધતિમાં ફેરફાર કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

**ઠરાવ**

ગુજરાત રોડ સેફટી ઓથોરીટીની દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રી ગુજરાત રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવા માટેના ક્રાઈટેરીયા અને ગુણ પધ્ધતિના વંચાણે લીધેલા ક્રમાંક (૨)ના ઠરાવથી નિયત કરાયેલ ક્રાઈટેરીયા અને ગુણ પધ્ધતિમાં નીચે મુજબના માપદંડોમાં આંશિક ફેરફાર કરવાનું ઠરાવે છે.

૧. વિભાગના સંદર્ભ (૨) સામે દર્શાવેલ તા.૦૧/૦૧/૨૦૨૧ના ઠરાવના ફકરા ૨ હેઠળ દર્શાવેલ ક્રમાંક : (૧) સ્વૈછિક વ્યક્તિ(Individual)માટેના માપદંડો નિયત કરતાં પત્રકના ફકરા-૨ "પધ્ધતિ"

ના પેટા ફકરા ૨.૧ અને ૨.૨ ની હાલની જોગવાઈઓને બદલે નીચે પ્રમાણેની જોગવાઈઓ ઠરાવવામાં આવે છે.

(૧) સ્વૈછિક વ્યક્તિ:

| ક્રમ | ક્રાઇટેરીયાનો પ્રકાર | વિગત/પ્રવૃત્તિ | ગુણ |
|---|---|---|---|
| ૨ | પ્રવૃત્તિ | ૨.૧રોડ સેફટી મંથ/વીકની ઉજવણી કરવી. (પોલીસ/આર.ટી.ઓનું પ્રમાણપત્ર) | ૫ ગુણ. |
| | | વર્લ્ડ ડે ઓફ રીમેમ્બરન્સના કાર્યક્રમ. (પોલીસ/આર.ટી.ઓનું પ્રમાણપત્ર) | ૩ ગુણ. |
| | | ૨.૨ શાળા/કોલેજો/યુનિવર્સીટીમાં રોડ સેફ્ટી તાલીમ કાર્યક્રમ સેમિનાર પ્રકારના. (શાળા/કોલેજો/યુનિવર્સીટીનું પ્રમાણપત્ર) | ૧થી ૫ કાર્યક્રમના ૩ ગુણ, ૬થી ૧૦ કાર્યક્રમના ૫ ગુણ,૧૦થી વધુ કાર્યક્રમના ૭ ગુણ. |

૨. વિભાગના સંદર્ભ (૨) સામે દર્શાવેલ તા.૦૧/૦૧/૨૦૨૧ના ઠરાવના ફકરા ૨ હેઠળ દર્શાવેલ ક્રમાંક : (૨) સંસ્થા (સ્વૈચ્છિક, શૈક્ષણિક, ઔદ્યોગિક સંસ્થા)માટેના માપદંડો નિયત કરતાં પત્રકના ફકરા-૨ "પધ્ધતિ" ના પેટા ફકરા ૨.૧, ૨.૨, ૨.૩, ૨.૫, ૨.૬, ૨.૭, ૨.૮, ૨.૯, ૨.૧૦, ૨.૧૨, ૨.૧૩, ૨.૧૪, ૨.૧૬, ૨.૧૭, ૨.૨૦ ની હાલની જોગવાઈઓને બદલે નીચે પ્રમાણેની જોગવાઈઓ ઠરાવવામાં આવે છે.

(૨) સંસ્થા (સ્વૈચ્છિક, શૈક્ષણિક, ઔદ્યોગિક સંસ્થા):

| ક્રમ | ક્રાઇટેરીયાનો પ્રકાર | વિગત/પ્રવૃત્તિ | માર્કીંગ /મુલ્યાંકન |
|---|---|---|---|
| ૨ | પ્રવૃત્તિઓ | ૨.૧ શાળા/કોલેજો/યુનિવર્સીટીમાં રોડ સેફ્ટી તાલીમ કાર્યક્રમ સેમીનાર પ્રકારના. (શાળા/કોલેજો/યુનિવર્સીટીનું પ્રમાણપત્ર) | ૧ થી ૫ કાર્યક્રમના ૩ ગુણ, ૬ થી ૧૦ કાર્યક્રમના ૫ ગુણ, ૧૦ થી વધુ કાર્યક્રમના ૭ ગુણ. |
| | | ૨.૨ રોડ સેફ્ટી મેળા. (શાળા/કોલેજનું પ્રમાણપત્ર) | પ્રત્યેક મેળા દીઠ ૦૧ ગુણ વધુમાં વધુ ૩ ગુણ. |
| | | ૨.૩ ડ્રાઈવરોની તાલીમ. (પોલીસ/આર.ટી.ઓ.નું પ્રમાણપત્ર) | ૧ થી ૧૦ કાર્યક્રમ સુધી ૧ ગુણ ૧૦ થી વધુ કાર્યક્રમના ૩ ગુણ. |
| | | ૨.૫ કોમર્શિયલ વાહનોના ડ્રાઈવરોના આઈ ચેકઅપ કેમ્પ. | ૧ થી ૧૦ કાર્યક્રમ દીઠ ૧ ગુણ ૧૦ થી વધુ કાર્યક્રમના ૩ ગુણ. |
| | | ૨.૬ કોમર્શિયલ વાહનો પર રીફલેક્ટર/રેડીયમ પછી લગાવવાનાં કાર્યક્રમ.(પોલીસ/આર.ટી.ઓનું પ્રમાણપત્ર) | ૧ થી ૧૦ કાર્યક્રમના ૧ ગુણ ૧૦ થી વધુ કાર્યક્રમના ૩ ગુણ. |

| | | | |
|---|---|---|---|
| | | ૨.૭ સાયકલ, બળદગાડા, ઉંટગાડી, ઘોડાગાડી, નાના મોટરાઇડ વાહનોમાં રીફલેક્ટર/રેડીયમ પટી લગાવવાનાં કાર્યક્રમો.(પોલીસ/આર.ટી.ઓનું પ્રમાણપત્ર) | ૧ થી ૧૦ કાર્યક્રમના ૧ ગુણ<br>૧૦ થી વધુ કાર્યક્રમના ૩ ગુણ. |
| | | ૨.૮ જનજાગૃતિ માટેના સ્ટ્રીટ પ્લે ભવાઇ જેવા મનોરંજક કાર્યક્રમ. | ૧ થી ૧૦ કાર્યક્રમના ૧ ગુણ<br>૧૦ થી વધુ કાર્યક્રમના ૩ ગુણ. |
| | | ૨.૯ જાહેર જનતામાં જાગૃતિ લાવવા ફુલ વહેંચણી, જાહેર સભા, જેવા કાર્યક્રમો (સરકારી મદદ વગર). (અપડેટ ફોટો ગ્રાફ્સ મુકવા) | ૧ થી ૧૦ કાર્યક્રમ સુધી ૧ ગુણ<br>૧૦ થી વધુ કાર્યક્રમના ૩ ગુણ. |
| | | ૨.૧૦ ગ્રામ્ય કક્ષાએ રોડ સેફટી કાર્યક્રમો (ગ્રામ્ય કક્ષાએ ઉપરોકત તમામ પ્રકારના કાર્યક્રમો યોજી શકાય).<br>(સરપંચનું પ્રમાણપત્ર) | ૧ થી ૧૦ કાર્યક્રમના ૧ ગુણ<br>૧૦ થી વધુ કાર્યક્રમના ૩ ગુણ. |
| | | ૨.૧૨ રોડ એંન્જિનીયરીગ, રેડલાઇટ, રોડ માર્કીગ, વગેરે બાબતે સરકારના વિવિધ વિભાગોમાં કે સ્થાનિક સ્વરાજય ની સંસ્થામાં લેખીત રજુઆતો કરવી. એન્ફોર્સ મેન્ટ ક્ષેત્રે સરકારના સંબંધીત વિભાગોને મદદ કરવી, ધ્યાન દોરવું, રજુઆત કરવી. | પ્રત્યેક લેખિત રજૂઆતનો ૧ ગુણ<br>૧૦ થી વધુના ૩ ગુણ. |
| | | ૨.૧૩ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારો/આદિવાસી ક્ષેત્રોમાં હેલ્મેટનું વિતરણ કરવું. (યોગ્ય આધાર પુરાવા સાથે મુકવા) | ૧ થી ૧૦ હેલ્મેટનું વિતરણના ૧ ગુણ, ૧૧ થી ૨૫ હેલ્મેટનું વિતરણના ૩ ગુણ, ૨૫ થી વધુ હેલ્મેટનું વિતરણના ૫ ગુણ. |
| | | ૨.૧૪ પબ્લીક ટ્રાન્સપોર્ટેશન માટે જનજાગૃતિ કરવી અને જરુરી સેવા ઉભી કરવા સંબંધીત ઑથોરીટીને લેખીત રજુઆતો કરવી. | ૧થી ૧૦ કાર્યક્રમનો ૧ ગુણ<br>૧૦થી વધુ ૩ ગુણ.<br>પ્રત્યેક લેખીત રજુઆતનો ૧/૨ ગુણ, ૧૦થી વધુ ૨ ગુણ. |
| | | ૨.૧૬ રોડ સેફટી વીક/મંથની ઉજવણી કરવી (ફોટોગ્રાફ્સ અને આર.ટી.ઓ/ પોલીસનું પ્રમાણપત્ર) | ૫ ગુણ. |

| | | | |
|---|---|---|---|
| | | ૨.૧૭ સંસ્થામાં/સંસ્થા દ્વારા રોડ સેફટી વિષયક સેમીનારો/પ્રવચનોના કાર્યક્રમ (ફોટોગ્રાફ્સ) | ૧૦ સેમીનારના ૧ ગુણ<br>૧૦થી વધુ ૩ ગુણ. |
| | | ૨.૨૦ શાળા/કોલેજના વિદ્યાર્થીઓ માટે શિખાઉ લાયસન્સ મેળવવા માટે તાલીમ વર્ગોનું આયોજન | ૧થી ૧૦ તાલીમના ૧ ગુણ,<br>૧૦થી ૨૦ના ૩ ગુણ,<br>૨૦થી વધુના ૫ ગુણ. |

૩. વિભાગના સંદર્ભ (૨) સામે દર્શાવેલ તા.૦૧/૦૧/૨૦૨૧ના ઠરાવના ફકરા ૨ હેઠળ દર્શાવેલ ક્રમાંક : (૩)સીટી/ડીસ્ટ્રીકટ રોડ સેફટી કમિટી માટેના માપદંડો નિયત કરતાં પત્રકના ફકરા-૨ "બેઠકની સંખ્યા", ફકરા-૩ "બેઠકની કાર્યનોંધના નિર્ણયની અમલવારી" ની હાલની જોગવાઈઓને બદલેનીચે પ્રમાણેની જોગવાઈઓ ઠરાવવામાં આવે છે.

(૩)<u>સીટી/ડીસ્ટ્રીકટ રોડ સેફટી કમિટી:</u>

| ક્રમ | ક્રાઇટેરીયાનો પ્રકાર | વિગત/પ્રવૃત્તિ | માર્કીંગ /મુલ્યાંકન |
|---|---|---|---|
| ૨ | બેઠકની સંખ્યા.<br>(તા. ૧લી જાન્યુઆરીથી ૩૧મી ડીસેમ્બર સુધીના કેલેન્ડર વર્ષમાં થયેલ બેઠકોની માહિતી રજૂ કરવી.) | બેઠકની સંખ્યા માહિતી રજુ કરવી.<br>(પુરાવા તરીકે મિનીટ્સ મુકવી) | પ્રત્યેક બેઠકના ૦૧ ગુણ. |
| ૩ | બેઠકની કાર્યનોંધ અનુસાર કેટલા નિર્ણયોનો અમલ થયો? | બેઠકની કાર્યનોંધ અનુસાર કેટલા નિર્ણયોનો અમલ થયો?<br>(પુરાવા તરીકે બેઠકની કાર્યનોંધ અને અમલીકરણનો પુરાવો મુકવો. પુરાવા તરીકે અધ્યક્ષશ્રીની સહીવાળું પ્રમાણપત્ર મુકવું.) | બેઠકની કાર્યનોંધ અનુસાર બેઠકના નિર્ણયની અમલવારી દીઠ ૦૩ ગુણ. |

૪. સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંક (૧) સામેના તા.૩૦/૦૭/૨૦૧૮ અને (૨) સામેના તા.૦૧/૦૧/૨૦૨૧ના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહે છે.

૫. આ જોગવાઈઓ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની સરકારશ્રીની તા.૧/૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. વી. ભટ્ટ)
નાયબ સચિવ
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

નકલ રવાના:

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા).
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(વાહન વ્યવહાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(વાહન વ્યવહાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વાહન વ્યવહાર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રોડ સેફ્ટી કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી, આંકડા ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
- તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે પ્રાદેશિક/સહાયક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓ.
- સર્વે રીજીઓનલ એન્ફોર્સમેન્ટ ઓફિસરશ્રીઓ, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, ચ-શાખા, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારું.
- સીલેકટ ફાઇલ.